## ગીનીઝ બુક ઓફ વર્લ્ડમાં નામ નોંધાવવાની લાલચમાં બનાસકાંઠાના ત્રણસો ગામોના યુવાનોને

# સ્વામી વિવેકાનંદની વેશભૂષામાં ટ્રકોમાં ભરીને પાલનપુરમાં લવાયા

પાલનપુર, તા. ૧૨

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે આર્ય જાગરણ મંચ કે જેની સ્થાપના પણ ગતરોજ કરવામાં આવી છે. તેનું કોઈ રજીસ્ટર થયેલ નથી તે મંચ દ્વારા સમગ્ર શહેરમાં કે અન્ય જગ્યાએ ખર્ચો કરીને મોટા મોટા બેનરો લગાવાયા હતા અને વર્તમાન પત્રોમાં પણ મોટી જાહેરખબર આપીને પ્રસિદ્ધિ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

આ યુવા જાગરણ મંચ દ્વારા સપ્તાહ પહેલા એક પ્રેસ પરિષદનું આયોજન કર્યું હતું. તેમાં માત્ર ચાર વ્યક્તિજ પરિષદને સંબોધતા જણાવેલ કે આ મંચનો કોઈ જવાબદાર વ્યક્તિ હોય તો તે અમે ચાર જણા છીએ. અમારે કોઈ પ્રમુખ મંત્રી નથી. તમારા સહકારથી આ ૧૫૦૦ સ્વામીની વેશભૂષાનો કાર્યક્રમ કરવાના છીએ. તો સાત દિવસમાં આટલો મોટો ખર્ચ ક્યાંથી કરાયો ? ડોનેશન ક્યાંથી આવ્યું ? મીડીયામાં ભેદભાવ નિતિ કેમ રાખવામાં આવી ?, માત્ર વિશ્વ વિક્રમ કરવામાં જ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ પ્રેસ પરિષદમાં જે ૪૫ વર્ષોથી સ્વામી વિવેકાનંદના ઉદ્દેશો વિચારોને લઈને તેમના નામની સમિતિ ચલાવી રહ્યાછે. તેવા પીઢ અગ્રણી અને સ્વામી વિવેકાનંદના વિચારોથી વરેલા ગણપતભાઈ જોષીની પણ બાદબાકી કેમ કરવામાં આવી હતી ? આ બાબતે કેટલાક મીડીયા કર્મીઓમાં પણ નારાજગી જણાતી હતી. શહેરમાં દિલ્હી ગેટ વિસ્તારમાં સ્વામીજીની બાવલાને લગાવવાનું ભગીરથ કામ પણ જોષીએ કર્યું છે. તેમની દરેક જન્મતિથિ પૂણ્ય તિથિએ તેમના બાવલાને ફુલહાર પણ વર્ષોથી કરતા આવ્યા છે. જ્યારે ૧૫૦મી જન્મ જયંતિ રાજ્યના મુખ્યમંત્રીએ ભવ્યો ઉત્સવથી મનાવવામાં આવી હતી. તેને જોઈને જાણે અચાનકજ સ્વામીની વિચારધારાનું યુવા જાગરણ મંચ ઉભું થઈ ગયું અને સ્થાપના થાય તે પહેલા જ વિશ્વ વિક્રમ સર્જવાની લાલચમાં ૧૫૦૦ યુવાનોને સ્વામીજીની વેષભૂષામાં સજ્જ કરીને પાલનપુર ખાતે લાવી રેલી સ્વરૂપે નીકાળીને રામલીલા મેદાન ખાતે વિશાળ પંડાલમાં મોટા ખર્ચે મંડપનો ખર્ચ કરીને બે હજાર ઉપરાંત ખુરશીઓ લગાવીને તડકામાં યુવાનો કે જે વેશભૂષામાં હતા. તેમને બેસાડી દેવામાં આવ્યા. બપોરના રેલીમાં નીકળેલા યુવાનો સતત શહેરના માર્ગો પર ભ્રમણ કરતા થાકી ગયેલા અને રામલીલા મેદાન આવતાં જ તરસ છીપાવવા દોડેલા માત્ર એક પાઉચ દ્વારા તરસ છીપાવેલ. ત્યારબાદ લીંબુસરબત પણ લાવેલા. જેમાં કેટલાક યુવાનો એટલા કંટાળ્યા હતા કે તેમને મોકો મળતા જ પંડાલની બહાર જીને સ્વામીની વેશભૂષામાં જ સ્મોકીંગ કરવા લાગ્યા તેમજ મોબાઈલ પર વાતો કરીને કંટાળો દૂર કરવા લાગ્યા હતા.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જ્યારે કેટલાક યુવાનો જે વાહનોમાં આવ્યા હતા તે વાહનોમાં સ્વામીની વેશભૂષા કાઢીને થાક ખાતા પણ નજરે પડ્યા હતા. તડકામાં બેઠેલા યુવાનો ટીવી કલાકાર અને રાજ્યસભાના સાંસદ સ્મૃતિઈરાનીની રાહ જોઈને બેઠા હતા. ત્યારે સ્મૃતિ ઈરાની અને ભાજપા યુવા પ્રદિપસિંહના પ્રદેશ અધ્યક્ષની સાથે આવી પહોંચ્યા હતા. જેમની રાહ આતુરતાથી જોવાઈ રહી હતી તે માત્ર ૧૦ મિનિટનું પ્રવચન કરીને ગાંધીનગરની વાટ પકડી હતી ત્યારબાદ કોઈ વક્તા ન હોવાના કારણે ફરી બધા શાંત બેસી રહ્યા હતા. સ્મૃતિ ઈરાનીના ગયા બાદ કેટલાક મીડીયાવાળા પણ ચાલતા થયા હતા.જ્યારે વિશ્વ વિક્રની વાત છે તો તે આ ૧૫૦૦ યુવાનો કે જે વેશભૂષામાં હતા. તેમના ફુટેજ મોકલાશે અને તે ગીનેજ બુકવાળા જોશે. ત્યારબાદ તેને સ્થાન આપવું કે કેમ ? તે વિચારાશે. જ્યારે સ્વામી વિવેકાનંદ ના ઉદ્દેશો વિચારો શું હતા... ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તી સુધી લાગ્યા રહો. વ્યસન વિરોધી હતી. સમગ્ર વિશ્વને એક કરવા એકઠા કરવા પ્રયાસો કરાયા હતા.જ્યારે પાલનપુરમાં સ્વામિ વિવેકાનંદની ભવ્ય શોભાયાત્રા નીકળવાની હતી. છતાં એ સ્વામીના વિચારોથી વિપરીત જઈને એકજ શહેરમા બે સ્વામીજીની યાત્રાઓ કાઢવામાં આવી. આ બાબતે શહેરમાં ટોક ઓફ ટાઉન થવા પામ્યું છે. લોકોના મુખે એક જ વાત ચર્ચાય છે કે આ રાજકીય સ્ટંટ છે. તેમજ તરત જ પ્રસિદ્ધિ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે. તેવું લોકો દ્વારા ચર્ચાઓમાં સાંભળવા મળ્યું છે. ચર્ચામાં લોકો દ્વારા એ પણ જાણવા મળ્યું હતું કે આ યુવા જાગરણ મંચની પાછળ કોઈ સરકારી અધિકારી અને એક રાજકીય નેતાનું પીઠબળ હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

## સેક્ટર-૨૪માં સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગૌસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે તા.૧૩મી જાન્યુઆરીના રોજ રાત્રે આઠ વાગે પ્લોટ નં.૬૬૯, આદર્શનગર, પીળો પટ્ટો, સેક્ટર-૨૪ ગાંધીનગરમાં યોજાશે. યજમાનપદે મગનભારતી ગૌસ્વામીએ જાહેર આયોજન કરેલ છે.

**વડીલોને વંદન**

**અભિનંદન**



દશરથલાલ એમ. પરમાર
(૧૯૪૬) મો. ૯૫૭૪૧૨૧૦૨૩

## રાજ્ય પશુપાલન વિભાગ દ્વારા ૧૪થી ૩૧મી જાન્યુ. દરમિયાન પ્રાણી કલ્યાણ પખવાડિયુ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં પશુપાલન વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા દર વર્ષે જાન્યુઆરીના બીજા પખવાડિયામાં ૧૪મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી દરમ્યાન પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી દરમ્યાન અબોલ પશુઓ પ્રત્યે પ્રેમભર્યું માયાળુ વર્તન રાખવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. આ ઉજવણી દરમ્યાન જાહેર જનતાને જાગૃત કરી પ્રાણીઓ પ્રત્યે પ્રેમ દાખવી પ્રાણીઓની આપણા જિવનમાં ઉપયોગીતા અને આર્થીક ઉપયોગીતા અંગે પ્રાણીઓના યોગદાન અંગેની બાબત ધ્યાને લઈ પ્રાણીઓ આપણા જીવનમાં સંકળાયેલ હોઈ તેને મહત્વ આપવા લોક સંદેશ જનતા સુધી પહોંચાડવા પશુપાલન ખાતા દ્વારા પ્રાણી કલ્યાણની ઉજવણી કરવામાં આવે છે.

પ્રાણી કલ્યાણની ઉજવણી દરમ્યાન સંસ્થાઓની મુલાકાતો યોજીને પ્રાણીઓ પ્રત્યે માયાળુ વર્તન રાખવા સંબંધિતોને માર્ગદર્શન આપવામાં આવે છે. પશુવંધત્વ નિવારણ કેમ્પ, વક્તૃત્વ સ્પર્ધા, સ્કૂલ, કોલેજ તેમજ શાળાઓ અને કન્યા કેળવણી મંડળો, નગરપંચાયતો, ગ્રામ પંચાયતો અને પ્રાણી દ્વારા સંચાલીત વાહનમાં વધારે વજન ન ભરવા ઋતુ પ્રમાણે બેઠક સુવિધા ઉભી કરવા અને માનવસર્જીત બનાવો ટાળવા જે મકે રસ્તામાં રખડતાં પ્રાણીઓ કોરાકમાં પ્લાસ્ટીકની કોથળીઓ ખાય છે અને પશુઓ મૃત્યુ પામે છે. માટે વેસ્ટેજ પ્લાસ્ટીક જાહેર રસ્તા પર ન ફેંકે તે માટે જનતાનું ધ્યાન દોરવામાં આવે છે.

પખવાડિયા દરમ્યાન પશુપાલન ખાતાના ક્ષેત્રીય કક્ષાના અધિકારીઓ દ્વારા પ્રાણી કલ્યાણ ખાતુ કામ કરતી સંસ્થાઓની મુલાકાતો યોજાશે.તા. ૧૪થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન પ્રાણી કલ્યાણ પખવાડિયા નિમિત્તે વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે.

## સિવિલ હોસ્પિટલ ખાતે સ્વામી વિવેકાનંદજીને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૧૨

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સિવિલ હોસ્પિટલ ખાતે આજે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો.

સિવિલ હોસ્પિટલ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવાના કાર્યક્રમમાં સિવિલ સર્જન ડૉ. ભરતભાઈ પટેલ, નેશનલ મેડીસીન ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ડૉ. પ્રદીપ ભાવસાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સૌ ડોકટર્સે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર કરી પુષ્પાંજલિ અર્પી હતી.

## લીટલ સ્ટાર પ્લે ગૃપ દ્વારા પતંગોત્સવ યોજાયો

લીટલ સ્ટાર પ્લે ગૃપ નર્સરીના ભૂલકાઓ દ્વારા આજે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ અને ઉત્તરાયણ પર્વની ઉજવણી નિમિત્તે આદર્શવક્તવ્ય અને પતંગ ચગાવવાનો વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના ડાયરેક્ટર એસ.એન. ઉપાધ્યાયના જણાવ્યાનુસાર લીટલ સ્ટાર પ્લે ગૃપ નર્સરીના નાના નાના ભૂલકાઓએ સ્વામી વિવેકાનંદજીના આદર્શ વિચારોને વાગોળી જીવનમાં પ્રેરણારૂપે ઉતારવાનો સંકલ્પ કર્યો હતો. સાથે સાથે મકરસંક્રાંતિ પર્વનો મહિમા, ઉત્તરાયણનું મહત્વ સમજી પતંગ ચગાવી મજા માણી હતી.

# ભારતને જગદ્‌ગુરૂ બનાવવા યુવાશક્તિને મોદીની અપીલ

### યુવાશક્તિને પ્રેરણાત્મક માર્ગદર્શન : યુવાનોના સામાર્થ્ય અને સશક્તિકરણ માટે એક યુવાનીતિ અમલમાં મુકાશે

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં વિવેકાનંદ જયંતિએ વિશાળ યુવા સંમેલનમાં યુવાશક્તિને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યુ હતુ અને વિવેકાનંદનું સ્વપ્ન પૂર્ણ કરવા અપીલ કરી હતી. ભારતને જગદ્‌ગુરૂ બનાવવા યુવાશક્તિને અપીલ પણ કરી હતી. આજે સ્વામી વિવેકાનંદ જયંતિએ આ યુવાશક્તિને પ્રેરણાત્મક માર્ગદર્શન આપતાં મુખ્ય મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના યુવાનોના સામાર્થ્ય અને સશક્તિકરણ માટે નવી યુવા નીતિ અમલમાં આવશે. ગુજરાતમાં વિવેકાનંદની ૧૫૦મી જયંતિના યુવાશક્તિ વર્ષે ગુજરાતભરમાં વિવેકાનંદ યુવા કેન્દ્રોમાં યુવા પ્રવૃત્તિઓ ધબકતી કરીને યુવા પેઢીને સમાજસેવા અને ગરીબોની સેવા માટેની સક્ષમ સ્વૈચ્છિક સંસ્થાઓના ધબકતી ચેતનાનું પ્રગટીકરણ કરવું છે, એમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. સ્વામી વિવેકાનંદે યુવાનોને ભારતમાતાની સેવાકાજે બધી જ પૂજાભક્તિ છોડીને ૧૮૯૭માં ૫૦ વર્ષ સુધી સમર્પિત થવા આહ્‌વાન કરેલું અને વિવેકાનંદની સોચ-ચિંતન, સંકલ્પ યુવાન હતા. ૫૦ વર્ષ પછી ભારત આઝાદ થયું અને આજે પણ વિવેકાનંદ યુવાનો માટે પ્રેરણામૂર્તિ બની રહ્યા છે. જીવનમાં કંઈક બનવા માટેના સપના સંયોજવાને બદલે જીવનમાં કંઈક કરવાના સપના જોવા અને તેને સાકાર કરવાનું લક્ષ્ય પાર પાડવા તેમણે આહ્‌વાન કર્યું હતું. સ્વામી વિવેકાનંદે યુવાનોને આધ્યાત્મિક પ્રવૃત્તિ માટે નહીં પરંતુ માનવ સેવા માટેના સંકલ્પની પ્રેરણા આપી હતી. ભારતમાં ગરીબી, બેકારી અને બિમારીના નિરાશાજનક વાતાવરણને બદલવા તેમણે યુવાનોને સંકલ્પબદ્ધ થવા જણાવ્યું હતું. આજે યુવાનોમાં નિરાશાનું વાતાવરણ છે તેમાં સ્થિતિ બદલવા યુવાનો સામર્થ્યવાન બને એની પ્રેરણા તેમણે આપી હતી.

યુવા માનસમાં તરંગી ઈચ્છા નહીં પરંતુ સ્થાયી ઈચ્છારૂપે સંકલ્પ અને તેમાં પરિશ્રમથી સિદ્ધિની જીવન સફળતાનો માર્ગ અપનાવવાનું માર્ગદર્શન મુખ્ય મંત્રીએ આપ્યું હતું. 'અમે એવું ગુજરાત બનાવવા માંગીએ છીએ જ્યાં યુવાનોના જ્ઞાન અને સામર્થ્યની પૂજા અને ગૌરવ વિશ્વ કરે- એવું ગુજરાત જ્યાંનો યુવાન વિશ્વમાં પોતાની શક્તિથી પ્રભાવી બને, જ્ઞાન-કૌશલ્યની શ્રેષ્ઠતાનું પ્રદાન-યોગદાન કરે' એવા ભવ્ય ગુજરાતના નિર્માણની મુખ્ય મંત્રીએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. યુવાનો માટે જ્ઞાનકૌશલ્ય શ્રેષ્ઠ બને તે હેતુથી વિશ્વની ઉત્તમ યુનિવર્સિટીઓ સાથે સહભાગીદારી કરવાની ઈન્ટરનેશનલ એકેડેમિક કોન્ફરન્સ યોજીને ૧૦૦ ઉપરાંત યુનિવર્સિટીઓ સાથે મંથન કરવામાં આવ્યું તે ઐતિહાસિક ઘટનાના યશદાયી સંકેતો તેમણે યુવા સંમેલનમાં આપ્યા હતા.

## ગીયોડ ગામે બોરકૂવાના મકાનમાં આગ લાગતાં ઘાસ સળગી ગયું

ચિલોડા, તા. ૧૨


ગાંધીનગર જિલ્લાના ગિયોડ ગામે આવેલ બોરકૂવાના મકાન પાસે આગ લાગતાં સૂકો ઘાસ બળી ખાખ થતાં નુકસાન થવા પામ્યું હતું.

આ અંગે મળતી વિગતો મુજબ ગિયોડ ગામના એક બોર પરના મકાન પાસે અચાનક આગનો ભડકો થતાં ધાબા ઉપરના જુવારના પુળા તથા ઘઉંનું પરાળમાં આગ પ્રસરતાં નુકસાન પહોંચ્યું હતું. આ આગમાં બોર કૂવાની ઓરડી પાસે ઈલેક્ટ્રીક ટ્રાન્સફોર્મરમાંથી પસાર થતો કેબલમાંથી ભડકો થતાં ઘાસ સળગતા લોકોની બુમાબૂમ થતાં આગ ઓલવવા પ્રયત્નો કર્યા હતા. આ અંગે ચૌધરી લાલાભાઈ કાળાભાઈ દ્વારા પોલીસ તથા ફાયરબ્રિગેડને જાણ કરતાં ઘટના સ્થળે પહોંચી આગ ઓલવવા પ્રયાસ કર્યો હતો. આમ છતાં આગને લીધે ઘાસ સળગી જતાં નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળે છે.



ધાનેરા તાલુકાના અનાપુર છોટા ગામમાં આવેલ રામાપીર બાપજીના મંદિરના આગળના ભાગે જાહેર માર્ગને અડીને આવેલ ગૌચરની જમીનમાં ગામના જ કેટલાક પ્રજાપતિ-કોળી તેમજ વજીર સમાજના માથાભારે ઈસમોએ ભારે દબાણ કરતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. અને સત્વરે આ મામલે યોગ્ય પગલા ભરાયા તે માટે ધાનેરા તાલુકા વિકાસ અધિકારીનો સંપર્ક કરી લેખિતમાં રજૂઆત કરી હતી પરંતુ છ-છ દિવસ વિતી ગયા ચતાં કોઈ યોગ્ય પરિણામ ન આવતા લોકો ભારે રોષે ભરાયા છે અને સત્વરે તંત્ર ગૌચરની જમીન પરના દબાણો દૂર કરાવે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે. (તસવીર : પ્રવિણ પટેલ)

## શબ્દાવલી - ૪૯૫૦



### આડી ચાવી

૧. પરણવા લાયક પુરૂષ (૪)
૪. વિવાહના કહેણ આવે તે (૨)
૬. ગોકુળ, વનરાવન (૨)
૭. કેફી પદાર્થ (૩)
૮. બગલ (૨)
૯. અસફળતા (૫)
૧૧. ઉત્પાદિત ચીજો પર લેવાતી જકાત, એક પ્રકારનો વેરો (૪)
૧૩. લડાઈ (૨)
૧૫. હવનના લાકડા (૩)
૧૭. ગરમુ, રોટલી મુકવાનું વાસણ (૪)
૨૦. રટણ, નામ જપે તે (૨)
૨૧. સારા કર્મો (૩)
૨૨. નાગલોક (૩)
૨૩. મુંબઈ એ... નગરી છે (૨)

### ઊભી ચાવી

૧. વીંટી, અંગૂઠી (૩)
૨. ઝડપી, શીઘ્ર (૨)
૩. આયોજન કરેલ (૫)
૪. સફેદ શયતાન, છૂપા રહેતા ગુનેગારોનું જૂથ (૩)
૫. 'બણગા' શબ્દ ઊંધો (૩)
૭. પૈસાદાર હોવું તે (૩)
૧૦. પપ્પાના નાના ભાઈ (૨)
૧૧. હથિયાર (૩)
૧૨. આરપાર (૪)
૧૪. રેંકડી (૨)
૧૬. એક ટક જોવું, ... માંડવી (૨)
૧૭. ઓસ, મેઘરવો (૩)
૧૮. કાર્ય કરીએ તે... કહેવાય (૨)
૧૯. એક પ્રકારનું ખાતરનું નામ (૩)
૨૧. પુત્રી, દીકરી (૨)

### શબ્દાવલી ૪૯૪૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) મીજબાની (૪) રૂપાલ (૬) લસણ (૭) પાપી (૮) અણીયારી (૧૦) ટીફીન (૧૨) સડો (૧૪) રૂહ (૧૬) પાબંદી (૧૭૦ ડમરી (૧૯) સણકો (૨૦) ઓકાત (૨૧) પરાયુ (૨૨) ઘા

**ઊભી ચાવી :-** (૧) મીલકટીયું (૨) જસ (૩) બાણ (૪) રૂપીયા (૫) લસ્સી (૭) પાણીયારૂ (૯) રીસ (૧૧) નરબંકો (૧૩) ડોકરી (૧૫) હડકાયું (૧૬) પાણકો (૧૮) મત (૨૦) ઓરા

## એમ્પાવરિંગ સેમિનાર યોજાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા યુવાનોને પ્રેરણા અને માર્ગદર્શન આપવા માટે દેશવિદેશના યુથ ટ્રેઈનર ઉપસ્થિત રહયા હતા. પ્રસિદ્ધ લેખક શ્રી ચેતન ભગતે સ્વયંને વાયબ્રન્ટ બનાવવા માટે યુવાનોને પોતાની જાતને જ ચેલેન્જ આપવા અને સમજદારીપૂર્વકનું સાહસ કરવા પ્રેર્યા હતા.

યુનિસેફના સુશ્રી કોરોલાઈન ડેન ડકે ગુજરાતની યુવાશક્તિમાં રહેલી ક્ષમતાની પ્રશંસા કરીને આ શક્તિને રાષ્ટ્રના વિકાસ માટે પ્રયોજવા અપીલ કરી હતી. સ્વામી અધ્યાત્માનંદજીએ સ્વામી વિવેકાનંદજીનો સંદેશો ગ્રહણ કરીને યુવાનોને પોતાનામાં રાષ્ટ્રભાવના પ્રગાઢ કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત વિશ્વના સૌથી નાની ઉમરના સી.ઈ.ઓ. શ્રી સુહાસ ગોપીનાથ, પ્રતિભા સંપન્ન યુવા ઈજનેર શ્રી શ્રેય ગોયલ, સ્વામી નિખિલેશ્વરાનંદજી, યુવા અનસ્ટોપેબલ અભિયાનના સંચાલક શ્રી અમિતાભ વગેરેએ ઉપસ્થિત રહી યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે કાયદા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, સંસદ સભ્ય શ્રી સ્મૃતિ ઈરાની, યુવક સેવા વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા, કમિશનર શ્રી રાજેશ માંજુ, સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાતના ડીરેકટર જનરલ શ્રી વિકાસ સહાય સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

## સંપાદન નહિ કરાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ટ્રેનના નૂર અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે દિલ્હીમાં હાલ જે મેટ્રોના દર છે તેના કરતાં ઓછા હશે અને બસભાડા કરતાં થોડાક વધુ હશે. જો કે આ દર અત્યારે નહિ પણ જે તે સમયે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવશે.

શ્રી ગુપ્તાએ જણાવ્યુ હતુ કે આ પ્રોજેક્ટ માટે નાણાંકીય અગવડતાનો કોઈ જ પ્રશ્ન નથી. જરૂર મુજબના નાણાં સરકાર દ્વારા ફાળવવામાં આવી રહ્યા જ છે. તેમણે જણાવ્યું હતું કે પ્રોજેક્ટના અમલીકરણ અંગેના આયોજનની કામગીરી અત્યંત ઝડપથી આગળ વધી રહી છે અને આ પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે વાયેબલ છે.

તેમણે જણાવ્યું હતુ કે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આ પ્રોજેક્ટ ૨૦ કિ.મી.નો પૂર્ણ થાય તે પછી પ્રાયોગિક ધોરણે ટ્રેન સેવા ચાલુ કરવાનું પણ વિચારાધીન છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં માલ ટ્રાન્સપોર્ટેશન માટેની દિશામાં રાજ્યસરકારે ભરેલુ મહત્વનું કદમ છે.

શ્રી ગુપ્તાએ મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે રાજ્યનો આ પ્રથમ પ્રોજેક્ટ એવો છે જેમાં જમીન સંપાદન માટેની કોઈ કાર્યવાહી કરવાની થતી નથી એટલે આયોજન મુજબ જ કામગીરી થશે અને સમયબદ્ધ થશે એટલુ જ નહિ તે સમયમર્યાદામાં પૂર્ણ પણ થશે.

## બોન્ડીંગ કર્યું છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરિયાતોને પૂર્ણ કરવા સક્ષમ છે. ગુજરાતમાંથી ડોલર કે રૂપિયો નહીં પણ ટીચર એક્સપોર્ટ થશે. આ મારૂં સ્વપ્ન છે. ૨૦૦૩માં એવો સમય હતો કે ગુજરાત માટે વિદેશમાં એવું કહેવાતું હતું કે મુંબઈની પાસે આવેલું રાજ્ય છે, આજે ૨૦૧૩માં મુંબઈનું કોઈ પૂછે તો કહેવાય છે કે તે ગુજરાતની પાસે આવેલું છે.

વાયબ્રન્ટ સમિટના એજન્ડામાં આવતીકાલે ૧૩મી જાન્યુઆરીએ મહાત્મા મંદિરમાં બી ટુ બી અને બી ટુ જી મીટીંગનો દોર ચાલશે તેથી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે રાજ્ય સરકાર તરફથી મૂડીરોકાણનો ચોક્કસ આંકડો આ બેઠક પછી જાહેર કરાશે.

**ટચૂકડી જાહેર ખબર**

**શેડ ભાડે આપવાનો છે**

ઈલેક્ટ્રોનિક્સ GIDCમાં મધુર ડેરી પાસે ૬૫૦ વારના પ્લોટમાં શેડ ભાડે આપવાનો છે.

**સંપર્ક મો. ૯૧૭૩૬૭૩૬૧૨**

## વિશ્વમાં ફેમસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેલ્યુઝ અને કોમ્પ્પટેન્સ વર્સિસ કોન્ફિડેન્સ આ ચાર સિક્રેટ એવા છે કે જે પ્રત્યેક યુવાનના જીવનમાં આવતા હોય છે. પરંતુ ડર્યા વિના સાહસ કરીને આગળ વધવું પડશે. પડકારોનો સામનો કરીને જીવનમાં બદલાવ લાવશો ત્યારે જ સફળતા તમારા કદમ ચૂમશે.

કાય પો છે... ફિલ્મ રોક ઓનના સફળ નિર્માતા્ ભિષેક કપૂરે બનાવી છે. આ ફિલ્મ મિત્રોના જીવનમાં બનતી ઘટનાઓ આધારિત છે. ફ્રેન્ડશીપ કોને કહેવાય...તેનાથી જીવનમાં કેવા ચેન્જીસ આવે છે... પરિણામ શું હોય છે તેવી બાબતોને ફિલ્મમાં કંડારવામાં આવી છે.

જીવનમાં ઘણાં લોકો સફળ હોય છે પણ જુનિયસ નહી. તમે પણ સફળ થઈ શકો છો હું બેસ્ટ રાઈટર નથી પણ બેસ્ટ સેલીંગ રાઈટર છું. હું માનું છું કે જે દેખાય છે તે વેચાય છે. મારી પહેલી નોવેલ કોઈ પબ્લીશર છાપવા માંગતો ન હતો પણ મે મારા પ્રયાસો ચાલુ રાખ્યા છેવટે નવમાં પ્રયાસે મારી નોવેલ ફાઈવ પોઈન્ટ સમવનને એક પબ્લીશરે છાપી અને તે બેસ્ટ બુક તરીકે પ્રખ્યાત બની. આજે વિશ્વભરમાં તેની ૧૩ લાખ બુક વેચાઈ ચુકી છે. મારી ધ થ્રી મિસ્ટેક ઓફ માપ લાઈફ ઉપરથી કાય પો છે... ફિલ્મ બની છે.

સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ પ્રસંગે મહાત્મા મંદિરમાં યોજાયેલી યુવા પરિષદમાં સ્કૂલ અને કોલેજોના વિદ્યાર્થીઓ સાથે યુવાનોને પ્રોત્સાહન પુરૂ પાડતી યંગ બ્રિગેડ ઉપસ્થિત રહી હતી જેમાં યંગ એન્ટર પ્રિનિયોર સુહાસ ગોપીનાથ, શ્રેય ગોહિલ, અમિતશાહ અને ચેતન ભગતનો સમાવેશ થાયછે.

આ પ્રસંગે સ્વામી આધ્યાત્મનંદજીએ યુવાનોને પ્રોત્સાહન કરતાં કહ્યું હતું કે વિશ્વને ઝુંકાવતી સત્તાઓ અમેરિકા અને બ્રિટન આપણે આંગણે છે. ગુજરાત એક એવું પ્લેટફોર્મ બન્યું છેકે વિશ્વની નજર આ રાજ્ય તરફ ખેંચાઈ છે. કેન્દ્રસરકાર ભલે ગુજરાતને અપમાનિત કરે આજે તેનું કોઈ અસ્તિત્વ નથી. ગુજરાત એ ભારતની પ્રતિષ્ઠા છે તે સમજવું જોઈએ. સ્વામી વિવેકાનંદના વિચારને સમજી પ્રત્યેક યુવાન પોતે વ્યક્તિ નહી પણ નેશન છે તેવું માનશે તો રાષ્ટ્રની દિશા બદલાશે.